સંવત ૧૯૪૫ નો સુરતમાં લાગેલી

ભયંકર આગનો ગરબો.

(તથા મરશીયા.) ભાગ પેહેલો.

રચનાર.

રણછોડદાસ ફકીરભાઈ

સુરત ઓ. પ્રે. ના મેનેજર.

વેચનાર—સુરત નાણાંવટમાં

બુકસેલર—મંચેરજી જમશેદજી પોસવાલા.

સુરત.

સુરત ખોદાબક્ષ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કિંમત ૧ આનો.

૩૯૫૨

તા૦ ૬ થી એપ્રીલ સને ૧૮૮૯ ને દીવશે મોટી

સુરતમાં લાગેલી આગ.

(સારૂં સારૂં રે સુરત સહેર સુંબઇ અલએલી—એ રાગમાં)

કીધો કીધો રે ભયંકર કેર, અગ્નિ માતાએ;
નાશ પામ્યું સુરત શહેર, સળગી જાતાએ.— (ટેક)
તારીખ છઠ્ઠી શનીવાર ને સાલ નેવ્યાશી જયારેરે;
એપ્રીલ મહિનોછે અગ્રેજી, બપોર પડીછે ત્યારે—અ૦ કી૦
એ દીવશે બાર કલાકે લાગી તબેલાની માંહેરે;
કેલાપીઠનું નાકું કહીએ, બલ્યું મકાન એક ત્યાંય—અ૦ કી૦
બલ્યું મકાન તે પારશીનું, રડતાં શઉના મુખરે;
મદદ મળી નહીં હોત બરાબર, પકડત ભયંકર રૂપ—અ૦ કી૦
થોડા વખતમાં બુઝાવી નાખી, ગયાં માણસ વેરાઇરે;
પછી બુમ પાડી બાગોળે, દોડ્યા લોકો ધાઇ—અ૦ કી૦
પેહલી આગના થાકેલાજે, પીપ બંબાવાળા શાથરે;
વધીપડી તે અગ્નિ ત્યાંથી, બળે કાટ પીઠીઆનો કાટ—અ૦ કી૦

કાટપીટીઆની દુકાંનમાંથી, પ્રથમ સલગી આગરે;
સલગાપછી બહુ મદદ મળીપણ, નહીં લાગ્યો કંઈથાગ—અ૦ ફી૦
પાણી પડતું આગની માહે, તેમ તેમ બમની લાહેરે;
આશા છોડી સરવે જનોએ, લઈ પ્રાણને નાઠાં જાય—અ૦ ફી૦
છાતીફાટ રડેછે સરવે, આંખે આંસુની ધારરે;
દોડાદોડ ઘણાં ગ્રહસ્થો કરેછે મેહેનતનો નહીંપાર—અ૦ ફી૦
મોટાં મોટાં સરદારો દોડે, વળી દોડે લ્હારરે;
નિરાશ પાંમી પાંણી છાંટે બળતાં જોઈ દ્વાર—અ૦ ફી૦
ઠેર ઠેર સઉ બંબા પીપો. લાવે લોકો તાણીરે;
છાંટ છાંટ કરતાં નહીં બુઝે, કરેછે પાણી પાણી—અ૦ ફી૦
ફેલાવા ચોગરદમ લાગી. બળે લોકોના માલરે;
માલ કાહડતાં હામ ન ચાલે. લાગે અગ્નિ ઝાળ—અ૦ ફી૦
બંબા મુકેલાં ત્યાંથી ખેંચી, આગળ વધતાં જાયરે;
પીપોતો ત્યાં મુકી નાહશે, વધે અગાડી લાહે—અ૦ ફી૦

બરાનપુરી રાગ.

(નળ રાજાનું આખ્યાન—એ રાહ.)

સુરતમા લાગી ભારે આગ, કહેતાં નહીં આવે થાગ,
કહું નાક સુરતનું, તેતો ગયું.— ૧

બળી ભસ્મ થયો બજાર, રૂડી સુખડીઆની હાર,
જોતાં જોતાંમાં ત્યાંતો કંઇ ના રહ્યુ.—૨.
ફુટે છાતીઓને પેટ, સામન ક્યાંથી કાડે હેઠ,
લાગ્યો લાવ મોહતો, નવજાય કહ્યું.—૩
જુવો દુઃખના ઉપર દાંમ, તેનાં સલગતાં મુકાંમ,
ઘર અને દુકાંન બધું સલગી ગયું.—૪,
રાખી હતી જે ઘરની આસ, તે પણ થઇ ગયાં નિરાંશ
થયાં રખડતાં સરવે નવ જાય જોયું.—૫

શાખી.

રખડતો સરવે થયો, મોટો સુખડયો બજાર,
દુકાન ઘર બળીગયાં, થયાં રખડતાં આ વાર.

થયાં રખડતાં તે લોકો, મુકે ઘણા ગરીબો પોકો,
તેનાં દુઃખમાં ભાગ તે. કોણ ભરે—૧
રડતાં કકળતાં નિકળે બાહર. હાય હાય કરતી નિકળે નાર,
તેનાં છૈયાની દાઝ ઉરે કોન ધરે.—૨.
બાપો તરેહના રાચ રચીલા મુકી બા'ર નિકળે સઉ ઢીલા.
બળે ભડકે સઉનો માલ. તેને શું રે કરે.—૩
વળ્યો સુખડીઆનો ઘાણ, દકાળપોળમાં રહેઠાણ,
બળી પોળને ત્યાંથી. તનખા ઉડે.—૪

તેમથી હરીપુરાને લીધું, ધમશાણ પુરૂં ત્યાંતો કીધું,
અટકી ધોબી શેરીના નાકાપરે.—૫,

શાખી.

ધોબી શેરીનું નાંકુ જે. અગ્નિએ પકડયું જેવાર.
દેહેરૂં દાદા સાહેબનું રહયુંછે સલામત ત્યાર.

સલામત દેહરૂં રહયું છે જયારે ડીસ્પેન્સરી આગળથી ત્યાર,
બાળી નવું પરૂંને નાકે અટકીછે,—૧
દક્ષીણે બળયું બુધેલાવાડ, કોટની દુકાંનો કીધીઠાર,
નાશ પસ્તાગીઆનો પુરો વાળ્યોછે—૨
તેનાં ઉતરી ગયલાં મુંખ, થાએ શાંભળનારને દુઃખ.
એતો બધી તરફથી મુંવાછે—૩
ઘરને દુકાન સજાગે શાથે. નથી ગખ્યું કંઇ ગાંઠે,
તેઓ છુટી પોકથી. ઘણા રડેછે.—૪
કંશારા બજાર ફના થઇ, લીમડાચોક શુધી ગઇ,
કાપડ બજારને પણ બાળી નાંખ્યુંછે—૫

શાખી.

કાપડ બજાર બળીગયું. બળ્યોછે સઘળો બજાર,
ગાંધીઓપણ ધમશાણમાં. બાળી નાંખ્યું બંગડીવાર.

બાળી નાંખ્યું બંગડીવાડ નવ છોડયું કાંસકીવાડ,
ડબગડવાડ પણ અડધું બળયુંછે.—૧

દુકાંન ચોકશીઓની બાળી. ટેકરા રૂવાલાનો બાળી.
તે પણ જમીન શાથે મળ્યું છે—૨
માળી ફળીયું ને ઘાંચીશેરી, એવી અગ્નિ થઇછે વેરી,
જુલા શેરીઓ શાથે એને ગળ્યું છે.—૩
દુકાનો દુકાન અગ્નિ ભટકી, લીમડાચોક આગળ અટકી,
એમ બાળીને ભસ્મ એને કીધું છે—૪
બળી ગોળ વાળાની દુકાંન, મુકિત ફોજનુ મકાન,
ત્યાંથી અટકીને ઉજ્જડ સઉ કીધું છે—૫

શાખી.

ઉજ્જડ કર્યું સહેર આ સુરત જે ગુલજાર,
જંગલ સમાન થઇ પડયું, સાંભળજો વિસ્તાર.

ગરબી.

(ગીરધારીરે વાત કહું તે વિચારો-એ રાગ)

થયુ ઉજ્જડરે સ્હેર સુરત આ પ્યારૂં, જે તાપી તીરે વસનારૂં;
કરતાં ઉપાયરે લોકો કોલેરા સારૂં, થઇ પડયું જુવો દુખીઆરૂં.

ગુલ.

તેમાં અગ્નિ વશીછે આવીરે, લીધાં ઘરબાર સઉના ચાવીરે,
એતો મોટાં મહલ્લા પર ફાવીરે, ત્રાહે ત્રાહેરે સુરત કરે બાપ્યારૂં.

થઇ પડયું જુવો દુખીઆરૂં.

નવ નિકળયાંરે પેટીને પેતારાં. નાઠાં પ્રાણ લઇ મુકી દ્વારા,
તેમ બીજાંરે કપડાં બળનાં સારાં, તેનાં નેત્રે આંશુની ધારા;

ઝુલ.

ઘણી મોટી મોઠીઓ હવેલીરે, તે પણ લાહેની માંહે ફશેલીરે.
એવી અગ્નિ થઇછે ઘેલીરે. પાડે બુમોરે હાય બળયું મારૂં મારૂં,
થઇ પડયું જુવો દુખીઆરૂં.

એમ દુખીયાંરે વિસ્તાર ઘરનો સાથે, ઝાળી બાળક પોતાને હાથે,
સંભારે રે મુકી હાથ પોતાને માથે, આ શું રે કર્યું દીનાનાથે.

ઝુલ.

કરે સ્તુતી નાથની ભારીરે. પ્રભુ લેજો સઉને ઉગારીરે,
એમ વિનંતી કરે નર નારીરે, પ્રભુજીરે કર સરવેનુ સારૂં.
થઇ પડયું જુવો દુઃખીઆરૂં.

ગરબો.

(ઓધવ નંદનો છોરો તે નમેરો થયો જો—એ રાગ.)

અગ્નિ દોડી વલી તે સુરત શેહેરમાં જો,
લોકો સાવધ રહયાછે એની પેરમાં જો—ટેક.
હાંરે—પરા શેરીના લોકો ગભરાય છેજો,
દૂર અગ્નિનો મોહતો લાગો થાયછેજો—અ૦

પાંણી રાખેછે ભરી સઉ આંગણેજો,
પ્રાણ આગથી તે સૌના ચણુ ચણે જો—અ૦
સઉ સઉની શેરીઓ શંભાળતાં જો,
જાગી રાત સારી દીન ગાળતાં જો—અ૦
બંબા પોતાને ખરચે મંગાવતાંજો,
સાથ આંકડીઓ તૈયાર રખાવતાંજો—અ૦
એવી રીત તે લોક ભય પાંમીગયું જો
વિના સાંધનથી આ સૌ બળી ગયું જો—અ૦
એવાં વિચાર લાવતાં તે મંનમાંજો,
મદદ આપવાં લાગ્યા દુઃખી જનમાજો—અ૦
ગરીબ લોકોને નાણાં થોડાં આપવાંજો,
માહજન તરફથી દુઃખને કાપવાજો—અ૦
રેલ રીલીફ ફંડજે મુંબાઇમાં જો,
પાંચ હજાર આપ્યાં આ લાહેમાંજો—અ૦
પાયે માલજે લોકોને ઉગારવાંજો,
હારે ખીચડી મમરાં વેહેચીને ઠારવાજો—અ૦
કાજ મુંબાઇના શેઠોએ જાણી ઘણીજો,
દુઃખી જનોની બાજાસી આંણી ઘણીજો,—અ૦
ઓલી વિશીને મફત જમાડવાજો,
ઘણાં ગરીબડાં લોકોને તારવાજો—અ૦
બીજાં શેઠો તો લાસણો વેંહેંચતાંજો,

ઘણાં ઘણાંતે આસરાઓ મલતાંજો—અ૦
દુઃખીઆ જનોને પોવાં કોઇ આપતાંજો.
શેઠો મુબાઇ તરફના તે લાવતાં જો—અ૦
એવી રીતે ઉગારવાને ચાહેછે જો.
મદદ મોટા મોટાંની ઘણી થાયછેજો—અ૦

બીજે દીવશેં લાગેલી આગ.

(મોહોલે પધારો મારાજ મણીધર મોહોલે પધારો—રાગ.)

દુઃખી થયાં નર નાર, અગ્નિ થકી દુઃખી થયાંછે
ચેન ના મળે લગાર. અગ્નિ થકી દુઃખી થયાંછે.

સાખી ૧

રવીવારને દીવશે, બહુ બહુ પડે પોકાર,
શહાબત પુરામાં પ્રગટી, અગ્નિ માતા તેવાર— અ૦

સાખી ૨

બાળયાં ઘર ત્યાંતો ઘણાં, નેત્રે જોયું ન જાય,
સાઠ શીતેર ફુંકાઇ ગયાં, ઘણા લોકો કરે હાય હાય— અ૦

સાખી ૩

થોડો વખત ત્યાં ગાળતાં, બુમપડે આગ આગ,
હોરવાડની માંહે જે, બહુ લોકો દોડેછે અથાગ— અ૦

સાખી ૪

સલગ્યું ત્યાંતો ઝુપડું. પાણી હતું તઇયાર.
હોરા લોકો ફરી વળયાં, તેથી બચીગયું તેવાર— અ૦

સાખી ૫

વળી કલાક થયો નહીં, સગરાંમ પુરાની બા'ર
બાપડા મુવા ગરીબડાં, સલગ્યું ભંડારીવાર— અ૦

સાખી ૬

ભય અતિ તે પામ્યાં, રૂશતમપર'ની માંહે.
હમણા અગ્નિ આવશે, લોકો પાણી લઇને ધાયે— અ૦

સાખી ૭

ભંડારીવાડ બળીગયો, ઘર બળ્યાં દશબાર,
અગ્નિ તારાં ભય થકી, લોકો સામન કાંડે બાહર— અ૦

સાખી ૮

એજ દીવશમાં લાગીતી, આગળ પાછળ બહું,
પાંચ ઘર બીજાં બળ્યાં, વરીઆવી ભાગળના કહું— અ૦

સાખી ૯

પ્રાથના સઉ ઈશનીકરે, પાંણી રાખે તઈયાર
જાગૃત રાત દીવસ રહી, ભોજન કરે, ઘરની બાર— અ૦

સાખી ૧૦

કમીશનરો ફરી વળયા, બીજા જે ઓહદેદાર.
મેહેનત લેયછે અતિ ઘણી, થઈતઘણાં લાચાર— અ૦

મરશીયા રાગ

હાય કેમઆ શેહેરે ઉજની રંડાપો એ રાહ

હાય કોપ થયો સુરતમાં અગ્નિનો ભારી, સુરતમાં અગ્નિનોભારી;
નથી રહી ઉગરવાની બારીરે—હાય ૧
સન અઠાડ નેવ્યાશી જયારે, માસ અપ્રેલ ચાલુછે ત્યારે;
તારીખ છઠીને છે શનીવારરે—હાય ૨
મંડાણ માછલી પીઠથી કીધું. ત્યાંનું ઘર એક બાળી તે દીધું;
ત્રણ મંગ્રાસે ભાગળને લીધુંરે—હાય ૩
કાટપીટીઆની દુકાંનમાંથી. બહુ જોરમાં સળગીછે ત્યાંથી;
પછી દોડી અગાડી જુસ્સાથીરે—હાય ૪
મદદ બંબાની બોહતીસારી, બળી પીપોને આગ પસારી;
ઘણા લોકોની થઈછે ખુવારીરે—હાય ૫

ચોમેર આગ ત્યાંથી બહુ સળગી, પડે પાણી પણ થાય ન અલગી;
બાળી ભસ્મ કીધું એને વળગીરે—હાય ૬
ઘણાં ઉપાયો લેયછે લોકો, નહીં ફાવ્યાથી કરેછે શોકો;
બળતી અગ્નિ જોઇ મુકેછે પોકારે—હાય ૭
લીમડાચોક આગળથી અટકી, નાંખ્યું શુકડીઆ બજાર પટકી;
ચોગરદમ લીધું એને બટકીરે—હાય ૮
રાણીતળાવને નાકેથી રહીછે નવાપુરા શુધી આગ ગઇછે:
હીંગલોકપોળ શલામત થઇછેરે—હાય ૯
મોહનીસેનનું પોલીશ આવ્યું, લીમડાચોકથી તોડી અટકાવ્યું;
એમની મેહેનતે કનપીઠ બચાવ્યું રે—હાય ૧૦
બીજા પોલીશની મેહનત પુરજાણી, લાવતાં ઉચકાવી સઘળેથીપાણી;
દાઝ સુરતની એઓએ જાણીરે—હાય ૧૧
ખબર સઘળાં દેશોમાં પડીછે, સુરત નહાશ ભાગથી અડીછે;
એતો અગ્નિમાતા શંગ લડીછેરે—હાય ૧૨
ટ્રેન ઇસ્પેસ્યલ મુંબઇથી મુકતાં, લોકો ચઢીજાતાં નહીં ચુકતાં;
જોઇ અગ્નિ મુંવા હાય જીવતાંરે—હાય ૧૩
લોકો ગાભરા ઘણા થઇ દોડે, વાડી બંગલાઓ પોતાનાં ખોલે;
પાણી ભરી રાખ્યાંછે બહુ પોળેરે—હાય ૧૪
બંબાવાલાનાં શું કહું હાલ, જાણે ભઠીયારાની તે મિસાલ;
દુઃખ પાંમ્યાં ઘણાં બાઇ ઝાળરે—હાય ૧૫
મે ત્રણ બંબા નુકશાનીમા બાઇ, નથી ઠેકાણું રેહતું રે કાંઇ;
મેહેનત કરતાં ઘણાં દુઃખ માંહીરે—હાય ૧૬

પીપો ગયાંછે પંદરેક બળી. અગ્નિ લાહેની શાથે તે મળી;
બે ચાર બળદ મુવાં શાથ ઝળીરે—હાય ૧૭
તારીખ નવમીએ આવ્યો ગવરનર, દુઃખ અગ્નિનું જોયું પ્રજાપર
રડતું મુંખને કાંપ્યોછે થરથરરે—હાય ૧૮
પ્રેમ પ્રજાપર એનોછે સારો, કર્યો મુંબાઇથી એને ધસારો;
કંઇ ઉપાયે પ્રજાને ઠારોરે—હાય ૧૯
તેનું ઉદાશી મુંખથી કહેવું, સર્વ ઓધ્ધેદારોને તે શહેવું;
નહીં કેઇને સુરત જેવુંરે—હાય ૨૦

રાગ—પીલુ—તાલ—લાવણી.—

(મેનાવતી માતા, નીર ભર્યોરે થારાનેનમે-રાગ)

સુરત—અગ્નિ અગ્નિ માતા, કોપ કર્યોરે સુરત શ્હેરમા.
અગ્નિ—શું ન સુરત પ્યારી, ભોગ મળ્યારે થારા વેરમા.

સુરત—વેર શુંછે આ સુરત સાથે, બાળી દીધાંરે બજાર.
સારાં સારાં તેં બાળ્યાં મકાંનો. ધીજે દિવશે ધાર—અ૦

અગ્નિ—બાળ્યાં મકાંનો શું યકરં તે. નથી એ મારૂ કાંમ,
હું સલગીતી એકજ ઘરમાં, પવને ભીડી હામ.—શું૦

સુરત—ખોટું દીએછે નામ પવનનું, ખાધાં તેં પકવાન.
બળીઆં ખાધાં પેટ ભરીને. દુખાવ્યાં સઉનાપ્રાણ—અ૦

અગ્નિ—ગાંડી સુરત તું એશું બોલે, જરાતો દીલમાં વિચાર.

તમે ખાવોછો રોજરોજ તો. મારે ખાવું એકવાર—શું૦

સુરત—માત! આતો ગજબ થએોછે, ખાધાં મશાલાદાર.

પેટ તમારૂં એવું કયાંથી, લોકો થયાં લાચાર—અ૦

અગ્નિ—થયાં લાચાંરે એકવખતના, ઘડી ઘડી નહીં થાય,

કંઇક પાપીઓ માગે એવું, કયાંથી મળે ઉપાય—શું૦

સુરત—વાત માતાતુજ સાચી જાણું, લાગેછે તાહરો ભય,

ઘણે ઠેકાણે હાથે બગાડે, હોય કોઇ નીર્દય —અ૦

અગ્નિ—હું ફરતી બહુ દેશદેશાવર, ગલી કુંચીને ગામ,

સઉના ઘરમાં હમેશ ફરતી, પ્રથમ માહરૂં નામ—શું૦

સુરત—અગ્નિ માતા આ સુરત રડતી, તારૂં બધને નામ.

તુજ વિનાતો જરાનચાલે, આખો દિવશ કામ—અ૦

અગ્નિ—તમે વધારો મુજને તો, હું, વધી કરૂંછુ ઘાવ,

તરવાર છુપી ખુલ્લી રાખું, એવો મારો સ્વભાવ—શું૦

સુરત—તરવાર છુપી મ્યાનમાં રાખો, કરશો ન આવોકેર.

આપની શેવા કરે કંઇ લોકો, રાખો સઉપર મે'ર—અ૦

સમાપ્ત.



ખોદાબક્ષ
છાપખાનું
સુરત
નાણાવટ.
ગોપીચંદનાટક
ધા મ. નો
રણછોડદાસ
ની રચેલી
તદ્દન નવોજ
વાંચવા લાએક
વેચનાર મં. જ. પોસવાળા